સમાજમાં શિક્ષણ, એકતા, સંગઠન, યુવાનોની પ્રગતિ મહત્ત્વની

■ જડેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં પશ્ચિમ કચ્છ કચ્છી રાજગોર સમાજનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

મોટી વિરાણી (તા. નખત્રાણા), તા. ૬ : પશ્ચિમ કચ્છ કચ્છી રાજગોર સમાજ (નખત્રાણા-લખપત-અબડાસા) દ્વારા નખત્રાણા તાલુકાના જડેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો સાથે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સવારનાં સત્રમાં રુદ્રાભિષેક, મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, બપોરના બીજા સત્રમાં સમાજનાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ૧૦૨ વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપરાંત વિવિધ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા સમાજના ૧૧ જેટલા ભાઈ-બહેનનું વિશિષ્ટ સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પશ્ચિમ કચ્છ કચ્છી રાજગોર સમાજના શૈક્ષણિક સન્માન સમારોહનું દીપ પ્રાગટ્ય કરતા સંતો, અગ્રણીઓ.

હનુમંતધામ, નવા કટારિયાના મહંત ભાનુપ્રસાદ બાપુ, જડેશ્વર મંદિરના મહંત નારાણગિરિ બાપુ, કાર્યક્રમના અધ્યક્ષ ભરતભાઈ ગોર, સમાજના પ્રમુખ વિપુલભાઈ ગોર, પૂર્વ પ્રમુખ ગિરિશ ગોર તથા રાજેશ ગોર, સામાજિક અગ્રણી નોટરી જિતેન્દ્રપ્રસાદ ગોરના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી, મહેમાનોનું શાબ્દિક સ્વાગત ધીરેનભાઈ ગોરે કર્યું હતું.

આ પ્રસંગે વિજયભાઈ ગોર, હિરાલાલ ગોર, નરોત્તમ ગોર, પંકજ ગોર, નાનજી ગોર, પ્રકાશ ગોર, વિમલ નાગુ, વિરેન ગોર, આનંદ વ્યાસ, હસમુખભાઈ ગોર (માંડવી), ધર્મેશ ગોર, નીતિન કેશવાણી, જિતેન્દ્ર ગોર, રાજેશ ભટ્ટ વગેરે હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં મહિલા મંડળ દ્વારા મહાઆરતીનું આયોજન કરાયું હતું, આ તકે ઉપસ્થિત અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાનું સમાજ વતી સન્માન કરાયું હતુ, મહાપ્રસાદના દાતા તરીકે પશ્ચિમ કચ્છ કચ્છી રાજગોર યુવક મંડળ રહ્યું હતું.

મંચસ્થ રહેલા સમાજના આગેવાનોએ પણ પ્રાસંગિક ઉદબોધનમાં સમાજમાં શિક્ષણ, એકતા, સંગઠન અને યુવાનોની પ્રગતિના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કિશોર ગોર, મનોજ ગોર, અમૃત ભટ્ટ, રમેશ ભટ્ટ, ભરત ગોર, મહેશ ગોર, ક્લ્પેશ ગોર, ક્મલ ગોર, પીયુષ ગોરે સહયોગ આપ્યો હતો.

સંચાલન વિનયકાંત નાકર અને ઝીલબેન ગોરે જ્યારે હરેશભાઈ ગોરે આભારવિધિ કર્યા હતા.

કાર્યક્રમ રજૂ કરતી વિદ્યાર્થિનીઓ તસવીરમાં નજરે પડે છે.

ભુજોડી આહીર કન્યા વિદ્યાલયમાં જન્માષ્ટમી પર્વની આસ્થાભેર ઉજવણી

■ ભગવાન શ્રીકૃષ્ણના જીવન આધારિત બાળલીલા રજૂ કરાઈ

અંજાર, તા. ૬ : ભગવાન શ્રીકૃષ્ણના પાવન જન્મોત્સવ એવા જન્માષ્ટમી પર્વની ઉજવણી ભુજોડી આહિર કન્યા વિદ્યાલયમાં કરવામાં આવી હતી. આ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ તથા મટકીફોડ કાર્યક્રમો યોજાયા હતા.

પ્રારંભમાં ભગવાન શ્રીકૃષ્ણની આરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ બાદ વિદ્યાર્થીઓએ ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને બાળલીલાઓને આધારે વિવિધ મનમોહક સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા કૃષ્ણની બાળલીલાઓ, રાસ, ભક્તિગીતો તથા સુંદર નૃત્યની વિવિધ પ્રસ્તુતિઓ સાથે શાળા સંકુલ કૃષ્ણમય બન્યુ હતું.

શાળાના પ્રાર્થનાહોલમાં નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી સાથે મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે શાળાના આચાર્ય ભવાનીબેન ડાંગરે અને સંસ્થાના ખજાનચી રણછોડભાઈ ડાંગરે પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યુ હતું. ઉપસ્થિત મહેમાનોએ શ્રીમદ્ ભાગવત ગીતામાં જણાવાયેલા કર્મના સિદ્ધાંતને જીવનમાં ઉતારવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભગવાન શ્રીકૃષ્ણનું જીવન માત્ર ધાર્મિક આસ્થા પૂરતું સીમિત નથી, પરંતુ સત્ય, કર્તવ્ય, ધર્મ, કર્મ અને નિષ્ઠાપૂર્વક જીવન જીવવાની પ્રેરણા આપતું અમૂલ્ય દર્શન છે.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ઉપપ્રમુખ રાણાબાપા, સ્વામીજી પુરુષોત્તમ દાસજી, જીવાભાઈ માતા, સુપરવાઈઝર બાબુભાઈ આહિર સહિત સંસ્થાના સમગ્ર સ્ટાફ તથા સર્વે વિદ્યાર્થિનીઓએ સહિતનાએ સહકાર આપ્યો હતો. સંસ્થાના પ્રમુખ બાબુભાઈ હુંબલ તથા મંત્રી શિવજીભાઈ આહિરે શુભેચ્છા સંદેશ વડે જન્માષ્ટમી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી અને કાર્યક્રમના સફળ આયોજન બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

લખપત ગામમાં ફુરકાન ફાઉન્ડેશન દ્વારા આયોજિત મિલાદ કોન્ફરન્સમાં કચ્છભરના બિરાદરો અને ઈન્સેટમાં મૌલાના. **(તસવીર : ઉમર ખત્રી)**

સમગ્ર માનવજાત માટે માનવતાવાદી કાર્યો કરવા અને શિક્ષણ પર ભાર મુકાયો

■ લખપત ગામે મિલાદ કોન્ફરન્સ યોજાઈ

મોટી વિરાણી (તા. નખત્રાણા), તા. ૬ : લખપત ગામે અલ ફુરકાન ફાઉન્ડેશન દ્વારા છઠ્ઠી વાર્ષિક મિલાદ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ઇસ્લામના અંતિમ પૈગમ્બર નબીના ૧૫૦૧માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ઇસ્લામિક સુફી સ્કોલર, શૈખુલ હદીસ મૌલાના અબ્દુલરહેમાન અને મૌલાના અલીફ નક્શબંદી દ્વારા પયગંબર નબીએ આપેલા સંદેશ જેમાં એહલે સુન્નત વલ જમાતના અકીદા પર ચર્ચા કરી હતી. નમાઝ પઢવા, સમગ્ર માનવજાત માટે માનવતાવાદી કાર્યો કરવા અને બાળકોને શિક્ષણ આપવા પર ભાર મૂકાયો હતો. ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી પીર સૈયદ અબ્દુલકાદીરશા બાવાએ દુઆ કરી હતી. કોન્ફરન્સમાં સમગ્ર કચ્છ જિલ્લામાંથી મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સંચાલન મૌલાના ઉસ્માન નોઅમાનીએ કર્યું હતું.

અલ ફુરકાન ફાઉન્ડેશન દ્વારા ધર્મગુરુ પીર સૈયદ અબ્દુલકાદીરશા કાદરીના પ્રયાસોથી સરહદી લખપત ગામે વુમન ડેવલપમેન્ટ એન્ડ વેલફેર સેન્ટર ચલાવવામાં આવે છે. જેમાં શિક્ષણથી વંચિત બાળકીઓ, મહિલાઓને સ્થાનિક ગ્રામ્ય સ્તરે શિક્ષણ આપવામાં આવે છે. જે બાળકીઓ ધો. ૮ બાદ આગળ ભણવા નથી જતી તેમને આગળ ભણવા બોર્ડ પરીક્ષા આપવા તૈયારી સાથે અંગ્રેજી, અરબી પણ શીખવવામાં આવે છે.

અંજાર પોલીસે ત્રણ શખ્સને ચોરાઉ વાયર-ભંગાર સાથે ઝડપી પાડ્યા હતા જે નજરે પડે છે.

અંજાર : ચોરાઉ વીજ વાયર અને ભંગાર સાથે ત્રણ શખ્સ ઝડપાયા

■ મુખ્ય સૂત્રધાર હાથમાં ન આવ્યો : પોલીસ તપાસ તેજ

ગાંધીધામ, તા. ૬ : અંજાર પોલીસે એક મકાનમાં છાપો મારી ત્રણ શખ્સને પકડી પાડી તેમની પાસેથી વીજ વાયરનો જથ્થો જપ્ત કર્યો હતો. આ શખ્સોએ જુદી-જુદી જગ્યાએથી હાથ માર્યો હોવાનું બહાર આવ્યું હતું. આ ત્રણેયનો મુખ્ય સાગરીત હજુ હાથમાં આવ્યો નથી.

અંજારના મફતનગર વિસ્તારમાં પોલીસે એક મકાનમાં કાર્યવાહી કરી હતી. અહીં ત્રણ શખ્સ વીજ વાયરના કટકા કરતા જણાયા હતા. તેમની પાસેથી આ વીજ વાયરના આધાર પુરાવા મગાતાં તે આપી શક્યા નહોતા. દરમ્યાન આ પ્રકાશ બાલા કોળી, સંજય ગાંડુ સથવારા (દેવીપૂજક) તથા નાગજી લક્ષ્મણ શેખાણી (કોળી)ની વધુ પૂછપરછ કરાતાં ત્રણેયએ રામજી નાથબાવાની બોલેરો ગાડી લઇ અને ચોરી કરવા જતાં અને આ રામજી વીજ વાયર બારોબાર વેચી મારતો તથા આ ત્રણેયને તેમની ભાગીદારી આપતો હોવાનું બહાર આવ્યું હતું.

આ શખ્સોએ ભચાઉ-ભુજ રોડ પર કુંજીસર નામની સીમમાં કંપનીમાંથી વાયર ચોરી, સામખિયાળી બાજુની કંપનીમાંથી પિત્તળના બોલ, મુંદરા-વાંકી બાજુ લોખંડના એંગલ, ભંગાર, પાવરહાઉસમાંથી પિત્તળના વાલ્વ, એલ્યુમિનિયમના બંડલની ચોરી વિગેરે બનાવોને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું હતું. હાથમાં ન આવેલા મુખ્ય સૂત્રધાર રામજી નાથબાવાને પકડી પાડવા આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

શિક્ષણથી વંચિત બાળકો માટે હરિઓમ મિશને આદર્યો સેવાયજ્ઞ

કોટડા (ચકાર), તા. ૬ : શિક્ષણથી વંચિત બાળકોને શિક્ષણની મુખ્યધારામાં જોડવા માટે હરિઓમ મિશન દ્વારા છેલ્લાં સાત વર્ષથી સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. વાડી વિસ્તારમાં મજૂરી કરતા શ્રમજીવી પરિવારોના ૫૦થી વધુ બાળક્ને બાળમજૂરીમાંથી મુક્ત કરાવી શાળામાં દાખલ કરવામાં આવ્યા છે.

દાતાઓના સહયોગથી રૂા. ૧૪ લાખની ફી ભરી પાંચ વિદ્યાર્થીને પી.ટી.સી. તથા ત્રણ યુવકોને મેડિકલ અભ્યાસ માટે સહાય આપવામાં આવી છે. ઉપરાંત વાડી વિસ્તારમાં રહેતા ૨૫૦થી વધુ બાળક્ને શાળાએ આવવા-જવા માટે વાહન વ્યવસ્થાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. જરૂરિયાતમંદ બાળકોને પુસ્તકો, નોટબુક, યુનિફોર્મ સહિતની શૈક્ષણિક સામગ્રી પણ આપવામાં આવે છે.

ગરીબ અને શ્રમજીવી પરિવારોનું કોઈ બાળક આર્થિક સંકડામણના કારણે શિક્ષણથી વંચિત ન રહે અને શિક્ષણના માધ્યમથી પોતાના જીવનમાં આગળ વધે તેવા ઉદ્દેશ સાથે હરિઓમ મિશનની આ સેવાકીય કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને દાતાઓના સહયોગ તેમજ સ્વામિનારાયણના સંતો અને નારાણબાપાના આશીર્વાદ તથા માર્ગદર્શન મળી રહ્યું છે.

લાડનૂ (રાજ.)માં અણુવ્રત વાર્ષિક અધિવેશન યોજાશે

ભુજ, તા. ૬ : અણુવ્રતનું રાષ્ટ્રીય વાર્ષિક અધિવેશન આગામી તા. ૧૪, ૧૫ અને ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના લાડનૂ ખાતે આચાર્ય મહાશ્રમણજીના સાંનિધ્યમાં યોજાશે. રાષ્ટ્રીય સ્તરના આ અધિવેશનમાં દેશના વિવિધ વિસ્તારોમાંથી અણુવ્રત પરિવારના સભ્યો, કાર્યકરો તથા વિવિધ અણુવ્રત સમિતિઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી અણુવ્રતના વિચારો, મૂલ્યો અને જીવનદૃષ્ટિને વધુ વ્યાપક બનાવવાના સંકલ્પ સાથે જોડાશે.

લાડનૂ ખાતે યોજાનારા આ રાષ્ટ્રીય અધિવેશન દરમિયાન અણુવ્રતના વિવિધ આયામો, તેની વર્તમાન સમયની પ્રાસંગિકતા, સમાજજીવનમાં નૈતિક મૂલ્યોનું સંવર્ધન તથા અણુવ્રતના સંદેશને વધુ વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડવા અંગે વિચારવિમર્શ અને મંથન થશે. અણુવ્રત સમિતિ ભુજના અધ્યક્ષ મહેશ મહેતા દ્વારા કચ્છના અણુવ્રત પરિવારના સભ્યોને આ રાષ્ટ્રીય અધિવેશનમાં જોડાવા અનુરોધ કરાયો છે.

નખત્રાણાના રામેશ્વર તળાવમાં મગરના પરિવારનો વસવાટ

નખત્રાણાના રામેશ્વર ખાતે આવેલા મોટાસર તળાવમાં દેખાયેલા મગરની તસવીર **(તસવીર : ઉમર ખત્રી)**

મોટી વિરાણી (તા. નખત્રાણા), તા. ૬ : નખત્રાણાની ભાગોળે આવેલા રામેશ્વરના મોટાસર તળાવમાં મગરનો પરિવાર દેખાયો હતો. તાલુકાના પૂર્વ સરપંચ ડાયાલાલભાઈ સેંઘાણીને જાણ કરાઈ હતી.

આગામી દિવસોમાં રામદેવપીરનો મેળો ત્રિ-દિવસીય યોજાશે. આ તળાવથી થોડે દૂર સલામતી માટે તાલુકાના નગરપાલિકાના પ્રમુખ વસંતભાઈ વાઘેલા, ઉપપ્રમુખ દમયંતીબેન સેંઘાણી, કા. ચેરમેન ચંદનસિંહ રાઠોડ દ્વારા તકેદારીના પગલારૂપે નખત્રાણા વનખાતાને રજૂઆત કરાઈ હતી.

જણાવાયું છે કે, વન વિભાગ દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અથવા મેળા દરમિયાન જાહેર જનતાની સુરક્ષાને ધ્યાનમાં રાખી 'તળાવોમાં મગર છે' તે પ્રકારના સાવચેતીના બોર્ડ દર વર્ષની જેમ લગાવવામાં આવે નગરપાલિકાના પદ અધિકારીઓ દ્વારા વન ઓફિસર પશ્ચિમ વન વિભાગ નખત્રાણાને જાણ કરાઈ હતી.

રાપરમાં ખાડામાં ટ્રેક્ટર ખાબક્યું : સુલભ શૌચાલયનાં ખાડામાં ટ્રેક્ટર ખાબકતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ જ ખાડામાં થોડા સમય પહેલાં ચાર જણ લારી સાથે પડ્યા હતા છતાં ખાડો માત્ર પથ્થરોથી ઢાંકી દેવામાં આવ્યો હતો. આ ખાડા પર આરસીસી સ્લેબ ભરવાને બદલે માત્ર પથ્થરોથી ઢાંકી દેવામાં આવતાં એક ટ્રેક્ટર ખાબક્તા અફરાતફરી મચી હતી. સદનસીબે ટ્રેક્ટર ખાલી હોવાથી અને ડ્રાઈવર સમયસર કૂદી જવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી. સરકારી હોસ્પિટલની બાજુમાં જ અને ધમધમતાં માર્ગ પર આવેલા આ જોખમી ખાડાને વ્યવસ્થિત રીતે આરસીસી સ્લેબ ભરી ઢાંકી દેવામાં આવે તે ઈચ્છનીય છે. કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિ થાય તે પહેલાં નગરપાલિકા આ કામ તાકીદે કરે તેમ લોકો ઈચ્છી રહ્યા છે. **(તસવીર : ઘનશ્યામ મજેઠિયા)**

શ્રમિક મહિલાઓ સાથે બચતના નામે છેતરપિંડી : નખત્રાણા તાલુકાના બેરુ ગામની મહિલાઓ સામે છેતરપિંડી મુદ્દે નખત્રાણા પોલીસ મથકે રજૂઆત કરવામાં આવી હતી, જેમાં કે.ડી. એન્ટરપ્રાઇઝમાં દર મહિને ૧૦૦૦ રૂપિયા જમા કરાવતી અને ૩૬ મહિના જમા થયા બાદ એને ૯૦ દિવસમાં વ્યાજ સહિત રકમ પરત મળે, પણ રવિવારે અમુક અરજદારોને આઠ મહિના જેટલો સમય વીતી ગયો, પૈસા પરત મળ્યા નથી. આ સમગ્ર મુદ્દો લાખોનો છે, જેમાં ૪૫ જેટલા અરજદારનો, બાકી એવા તો હજુ પણ અનેક અરજદારો છે જે સામે આવ્યા નથી. પોલીસ સ્ટેશને લેખિત રજૂઆત કરાઈ હતી. જો ટૂંક સમયમાં કોઈ નિરાકરણ નહીં આવે તો આ મુદ્દે આગળ ઉગ્ર લડત કરવામાં આવશે તેવી આવેદનપત્રમાં ચીમકી અપાઇ છે.

बैंक ऑफ़ इंडिया Bank of India BOI સંબંધોની મૂડી

ઝોનલ ઓફીસઃ ગાંધીનગર ઝોન, બીઓઆઇ બીલ્ડિંગ, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોનઃ ૦૭૯-૨૯૬૪૪૮૧૯, ઈ-મેઈલઃ Gandhinagar.ARD@bankofindia.bank.in

ઈ-હરાજીની તારીખઃ ૨૫.૦૯.૨૦૨૬, સમયઃ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦
ઈએમડી અને બીડ ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખઃ ૨૫.૦૯.૨૦૨૬, બપોરે ૫:૦૦ સુધી

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ, કાયદો, ૨૦૦૨ને ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) સાથે વંચાણે લેતા હેઠળ જંગમ અને સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને કરજદાર(રો) અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર અને જંગમ મિલકતો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગિરવે / હાઈપોથેકેટ / પ્લેજ/ચાર્જમાં મૂકેલ છે જેનો પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારીએ લીધો છે જેનું 'જેમ છે જ્યાં છે, જે છે તે છે અને જે કાંઈ છે તે છે' ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓમાં વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદાર/રો / જામીનદાર/રો / રિઝર્વ કિંમત / ઈ-હરાજીનાં તારીખ અને સમય, ઈએમડી અને બીડમાં વધારો કરવાની રકમ વગેરેની વિગતો નીચે દર્શાવેલ છે.

સ્થાવર મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટિસ

ક્રમ નં.	કરજદારના નામ અને કુલ બાકી	સ્થાવર અને અસ્થાવર મિલકતોની વિગતો	રિઝર્વ કિંમત (રૂા.)	ઈએમડી (રૂા.)	લાભાર્થી શાખા, ખાતા નં. IFS કોડ અને સંપર્ક નં.
૦૧	**શ્રી વીપુલ ખેંગારભાઈ ચૌહાણ (કરજદાર)** સરફેસી કાયદો, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તા. ૧૮.૧૦.૨૦૧૬ના રોજ જારી કરેલ માંગણા નોટીસ મુજબ રૂા. ૭,૮૯,૭૦૬.૦૦ ત્યારબાદ આગળનું ચડત વ્યાજ / ચાર્જ / કોસ્ટ / ખર્ચ (પ્રત્યક્ષ કબજો)	રહેણાંક મિલકત, પ્લોટ નં. ૧૯૪, આર. એસ. નં. ૫૫૩/૧, ૫૫૩/૨ અને ૫૫૪, ક્ષેત્રપાલ નગર, પ્રિન્સ ટાઉનશીપ, અરોમા હાઈટેક યુનીટ સામે, પાલનપુર થી સમખીયાલી હાઈવે ઉપર (એનએચ. નં. ૧૫), સીમતલ, ગામ: લકડીયા, તા. ભચાઉ, જીલ્લો કચ્છ. માપ ૮૩.૬૩ ચો.મી.	૧,૪૭,૦૦૦/-	૧૪,૭૦૦/-	ખાતા નં. 381690200000033 ઈન્ટરમીડીયરી બેંક ખાતુ BOI, માધાપર શાખા, IFSC: BKID0003816
૦૨	**મે. ટી.સી. ટ્રેડ્લીંક (ભાગીદારી પેઢી), ખાતા નં. ૩૮૫૦૩૦૧૧૦૦૦૦૦૬૮ (કેશ ક્રેડીટ) ભાગીદારઃ (૧) શ્રી પ્રસુન બંસલ જે તારાચંદ બંસલના પુત્ર (ભાગીદાર, કરજદાર અને ગીરોદાર), ભાગીદારઃ (૨) શ્રીમતી રીંકી બંસલ જે પ્રસુન બંસલના પત્નિ (ભાગીદાર અને કરજદાર), જામીનદારઃ શ્રીમતી સંગીતા બંસલ જે તારાચંદ બંસલના પત્નિ (જામીનદાર અને ગીરોદાર), રૂા. ૧૧,૫૩,૧૭,૨૬૯.૯૪ (વિભાજન ૧૩(૨) મુજબની ખાતાની બાકી રૂા. ૧૧,૪૯,૩૯,૭૮૮.૬૬ + રૂા. ૩,૭૭,૪૮૧.૨૮ (લાગુ નહી કરેલ વ્યાજ) કુલ રૂા. ૧૧,૫૩,૧૭,૨૬૯.૯૪) સાથે તે પછી આગળનું વ્યાજ /ચાર્જીસ/કોસ્ટ/ખર્ચાઓ. (પ્રત્યક્ષ કબજો)**	ઈન્ડસ્ટ્રીયલ જમીન અને ઈમારત પર બનાવેલ ન્યાયપૂર્ણ ગીરો, પ્લોટ નં. ૪, આરએસ નં. ૨૭ અને ૨૮, ગામ: મેઘપર બોરીચી, તાલુકા અંજાર, જીલ્લો કચ્છ, ગુજરાત–૩૭૦૧૧૦. કુલ માપ ૧૨૪૩૯.૭૦ ચો.મી.	૧૪૪૭.૦૦ લાખ	૧૪૪.૭૦ લાખ	ખાતા નં. 385090200000033 ઈન્ટરમીડીયરી બેંક એકા., BOI, ગાંધીધામ શાખા, IFSC: BKID0003850

ઈ-હરાજીના નિયમો અને શરતોઃ (૧) ઈ-હરાજી 'જેમ છે જ્યાં છે, જે કાંઈ છે તે છે અને જે કાંઈ છે તે ત્યાં છે' ના આધારે થશે અને 'ઓનલાઈન' યોજાશે. (૨) વધારે વિગતો, પ્રક્રિયા પૂરી કરવા અને નિયમો અને શરતો ડાઉનલોડ કરવા માટે મહેરબાની કરીને જુઓઃ એ https://www.bankofindia.bank.in બીઃ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટઃ https://www.baanknet.com બીડરો જોઈ શકે છે https://www.baanknet.com માં બીડરો માટે શૈક્ષણિક વિડીયોઝ સાથે "ગાઈડલાઈન્સ" ઉપલબ્ધ છે. બીડરોએ નીચેની ઔપચારિકતાઓ એડવાન્સમાં પૂરી કરવાની રહેશેઃ પગલું ૧: બીડર ખરીદદાર રજિસ્ટ્રેશનઃ બીડરે પોતાના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને ઈ-હરાજી પ્લેટફોર્મ (ઉપર આપેલ લિંક) પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પગલું ૨: કેવાયસી વેરિફિકેશનઃ બીડરે જરૂરી કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. કેવાયસી દસ્તાવેજો ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર દ્વારા તપાસવાના રહેશે (૨ દિવસ લાગી શકે). પગલું ૩: ઈએમડીની રકમની બીડર ગ્લોબલ ઈએમડી વોલેટમાં ટ્રાન્સફરઃ ઈ-હરાજી પર જનરેટ કરેલ ચલણનો ઉપયોગ કરીને, નેફ્ટ/ફંડ ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ઓનલાઈન/ઓફલાઈન ફંડ ટ્રાન્સફર કરી શકે છે. પગલું ૪: બોલીની પ્રક્રિયા અને હરાજીના પરિણામઃ રસ ધરાવતા રજિસ્ટર્ડ બીડરો ૧,૨ અને ૩ પગલાં પૂરાં કરીને ઈ-હરાજી પ્લેટફોર્મ પર ઓનલાઈન બોલી (બીડ) લગાવી શકે છે. મહેરબાની કરીને નોંધ લેવી કે ૧ થી ૩ પગલાં બીડરોએ ઈ-હરાજીની તારીખ પહેલાં વહેલી તકે પૂરાં કરવાના રહેશે. (૩) અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ માહિતી અને જાણકારી મુજબ મિલકત/તો પર કોઈ કરભારણ નથી. તેમ છતાં ઈચ્છુક બીડરોએ પોતાની રીતે સ્વતંત્રપણે કરભારણ, હરાજીમાં મૂકાયેલ મિલકતના ટાઈટલ અને મિલકતને અસરકર્તા દાવા/અધિકાર/લેણાં વગેરે અંગે બીડ જમા કરવાતા પહેલા તપાસ કરાવી લે. ઈ-હરાજી જાહેરાત કોઈ પણ રીતે બેંક તરફથી કોઈ પ્રતિબધ્ધતા કે કોઈ રજૂઆત દર્શાવતી નથી કે દર્શાવશે નહીં. મિલકતનું બેંકને જાણ્યા કે અજાણ્યા તમામ હાલના કે ભવિષ્યના કરભારણો સહિત વેચાણ થશે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ લેણદાર બેંક કોઈ ત્રીજી પાર્ટીના દાવા / અધિકાર / લેણાં વગેરે અંગે કોઈ રીતે જવાબદાર રહેશે નહીં. ઓનલાઈન બીડ જમા કરાવ્યા પછી હરાજીમાં મૂકાયેલ મિલકત/તો અંગેના કોઈપણ પ્રકારના દાવાને ચલાવી લેવાશે નહીં. નીરીક્ષણની તારીખઃ ૨૩.૦૯.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી ૪:૦૦ સુધી કે તે અગાઉ પૂર્વમંજૂરી સાથે કરી શકાશે. સંપર્ક નં. માધાપર શાખા (૯૪૨૯૨ ૯૮૧૧૫), ગાંધીધામ શાખા (૬૩૫૪૪ ૩૫૬૨૬). (૪) બીડ માત્ર ઓનલાઈન પ્રક્રિયાથી જ જમા કરાવવાનું રહેશે. (૫) બીડરોએ વેચાણની શરતો અને નિયમો વાંચેલ અને સમજેલ છે અને એમને બંધનકર્તા છે એમ માની લેવાશે. (૬) આપેલ બીડની કિંમત રિઝર્વ કિંમતથી વધારે હોવી જોઈએ અને બીડરો પોતાની આગળની ઓફરો રૂા. ૧૦,૦૦૦.૦૦ ક્રમ નં. ૧ માટે અને રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ ક્રમ નં. ૨ માટેના ગુણાંકમાં વધારી શકશે. (૭) બીડ જમા કરાવતા અગાઉ મિલકતનું નિરીક્ષણ કરીને પોતાની ખાત્રી કરી લેવાની જવાબદારી રસ ધરાવતા બીડરોની રહેશે. (૮) સફળ બીડરની અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) વેચાણના ભાગ તરીકે રાખી લેવાશે અને નિષ્ફળ બીડરની ઈએમડી ઈ-હરાજી વેચાણ પ્રક્રિયા પત્યેથી પરત કરવામાં આવશે. (૯) અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઈ વ્યાજ આપવામાં આવશે નહિં. અધિકૃત અધિકારી દ્વારા બીડ પ્રાઈસનો સ્વીકાર થયા પછી, સફળ ખરીદદારે વેચાણ કિંમતના ૨૫% રકમ અગાઉ જમા કરાવેલ ઈએમડીની રકમ સાથે તરત જ એ જે દિવસે જમા કરાવવી પડશે અને બાકીની રકમ વેચાણના દિન ૧૫માં જમા કરાવવાની રહેશે. હરાજી વેચાણ બેંકની મંજૂરીને આધારે થશે. બીડર દ્વારા કોઈ પણ તબક્કે રકમ જમા કરાવવામાં કસૂર થયેથી ખરીદદાર દ્વારા અગાઉ જમા કરાવેલ તમામ રકમ જપ્ત થઈ જશે અને મિલકત ફરીથી હરાજીમાં મૂકાશે અને કસૂરવાર ખરીદદારનો મિલકત/ રકમ અંગે કોઈ દાવો/અધિકાર ચાલશે નહીં. (૧૦) ઈન્ટરનેટ નેટવર્કની સમસ્યા/પાવર ફેલ્યર/કોઈ અન્ય ટેકનિકલ ખામી/ફેલ્યર વગેરે કોઈ પણ સમસ્યા અંગે ના તો અધિકૃત અધિકારી કે બેંક જવાબદાર રહેશે નહીં. આવી ટેકનીકલ પરિસ્થિતિ ન ઉદ્‌ભવે તે માટે રસ ધરાવતા બીડરોને વિનંતી છે કે પોતાને ટેકનીકલી સજ્જ કરી લે, પૂરતો પાવર બેક અપ વગેરે રાખે જેથી ઈ-હરાજીમાં સફળતાથી ભાગ લઈ શકે. (૧૧) ખરીદદારે લાગુ પડતા સ્ટેમ્પ ડ્યૂટીઝ/રજિસ્ટ્રેશન ફીઝ/અન્ય ચાર્જીસ વગેરે તેમ જ તમામ સ્ટેચ્યુટરી/નોન-સ્ટેચ્યુટરી લેણાં, ટેક્સીસ, આકારણી ચાર્જીસ વગેરે કોઈના પણ હશે તે ભરપાઈ કરવાના રહેશે. (૧૨) અધિકૃત અધિકારી/બેંક હાઈએસ્ટ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ કે તમામ ઓફર(રો) સ્વીકારવા કે નકારવા કે ઈ-હરાજી વેચાણ મોકૂફ રાખવા/પાછું ઠેલવા/રદ કરવા કે કોઈપણ મિલકત કે તેનો હિસ્સો હરાજી પ્રક્રિયામાંથી કોઈપણ તબક્કે પરત ખેંચવા અંગેનો પૂરેપૂરો અધિકાર અને સૂઝબૂઝ ધરાવે છે. (૧૩) ખરીદદાર(રો)/અરજદાર(રો) ના નામે જ વેચાણ સર્ટિફિકેટ અપાશે અને અન્ય કોઈ નામે(મોએ) નહીં આપવામાં આવે. (૧૪) વેચાણ ધી સિક્યોરિટાઈઝેશ એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨માં આપેલ નિયમો/શરતોને આધીન થશે. વેચાણની વધુ વિગતો/નિયમો અને શરતો અંગે પૂછ-પરછ જો કોઈ હોય તો આપેલ સંપર્ક નંબર પરથી મળી રહેશે.

કરજદારો / જામીનદારોને ૧૫ દિવસની વેચાણ નોટીસ

આથી નીચે સહી કરનાર બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારીને વેચાણની આ નોટિસ મોકલવાની પૂરી સત્તા છે અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિય એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને તેના નિયમો હેઠળ મળેલ સત્તાની રૂએ વેચાણની તમામ સત્તા છે. તમે બેંકે આપેલ એડવાન્સના સંદર્ભમાં બાકી રકમ તેમ જ માસિક ગાળો, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથેના લેણાંના ચૂકવણામાં કસૂર કરેલ છે. આથી બેંકે તમને સર્વેને સેક્શન ૧૩(૨) હેઠળ નોટિસ મોકલી હતી કે ઉપરની રકમ દિન ૬૦માં ભરી જવી. તમે ૬૦ દિસ પછી પણ રકમ ભરવામાં કસૂર કરેલ છે. આથી અધિકૃત અધિકારીએ નીચે સહી કરનારે એને મળેલ સદર કાયદાના સેક્શન ૧૩(૪) હેઠળ મળેલ સત્તાની રૂએ સિક્યોર્ડ અસ્ક્યામતોનો કબજો લીધો છે જેની વિશેષ વિગતો ઉપર આપેલ શેડ્યૂલમાં છે. અત્રે આપને નોટિસ આપવામાં આવે છે કે ઉપર જણાવેલ રકમ ભરપાઈ કરી જવી. તમને અર્નેસ્ટ મની ડિપોઝીટ કરવામા સહિતની શરતો અને નિયમોને અનુસરીને હરાજીમાં ભાગ લેવાની છૂટ છે.

તારીખઃ ૦૭.૦૯.૨૦૨૬, સ્થળઃ ગાંધીનગર — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા